# ગુરુને પામવાના હોય, માપવાના  ના હોય.

પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી શિક્ષકને ભગવાન તરીકે જૂએ છે, માધ્યમિકશાળાન વિદ્યાર્થી શિક્ષકને શંકાની દષ્ટિથી જૂએ છે તો કોલેજનો વિદ્યાર્થી અધયપકને જોઇ લેવાની વાત કરે છે. આવી જ ઘટના મુંબઇમાં વિલ્સન કોલજમાં ઘટી. જેમાં એક અધ્યાપકે કોઇ છોકરી સાથે અયોગ્ય વર્તન કર્યુ હતું. જેમાં કોલેજના આચાર્યના મતે તે અધ્યાપક તેમની કોલેજના શ્રેષ્ઠ અધ્યાપકમાંના એક હતા. આ ઘટનાની સચ્ચાઇ સુધી પહોચ્યા વગર પોતે જ ન્યાયાધીશ બનીને નેતા બનવાની ખ્વાહીશ ધરાવતા કેટલાક અણસમજું વિદ્યાર્થીઓએ શિક્ષકનું મોં કાળું કરીને રોડ પર ફેરવ્યા હતા.  આ ઘટના માટે ટી.વી.ની એક ચેનલે તે જ દિવસે અભિપ્રાય મેળવ્યા હતા. જેમાં લગભગ ૮૯ ટકા લોકોએ આ ઘટનાને વખોડી હતી.
ઉપરોક્ત જેવી ઘટનાઓ વારંવાર બનતી નથી, છતાં સમાજમાં રહેલા મૂલ્યો પર અસર ચોક્કસ પણે કરે છે. આજે પણ યુનિવર્સિટી કે કોલેજમાં કહેવાતા બની બેઠેલા નેતા, માત્ર વટ મારવા કે સંગઠનની તાકાત બતાવવા, નામ કમાવવા (કાઢવા) આવી ઘટનાઓ શોધતા હોય છે અને મોકો મળે પોતાનો દાવ અજમાવી લેતા હોય છે. કોઇ શિક્ષક કે અધ્યાપકે ખોટું વર્તન કર્યું તો તેની  સામે શિક્ષાત્મક કાર્ય કરવા માટે વિવિધ માધ્યમો છે જ. પેલા વિદ્યાર્થીઓમાં એવી કઇ વિશિષ્ટ આવડત, ક્ષમતા, હોશિયારી, મૂલ્યનિષ્ઠા, સચ્ચાઇ હતી  કે તેમણે ભરબજારે શિક્ષકની બેઇજ્જતી કરી. અહીં શિક્ષક જો ગૂનેગાર હોય તો તેનો બચાવ કરવાનો સહેજ પણ ઇરાદો નથી. તે માટે શિક્ષા થવી જોઇએ પણ યોગ્ય માધ્યમ દ્વારા. અમાનવીય અને અમાનનીય ઘટનાઓને અંજામ આપનારા મોટાભાગના વિદ્યાર્થીઓ ભાગ્યેજ કોલેજ જતા હોય છે, ભાગ્યે જ અભ્યાસમાં ઉચ્ચ પરિણામ મેળવતા હોય છે. જેમનું માન શિક્ષક કે સમાજમાં કદાપિ ઊંચુ થયું નથી અને થશે પણ નહીં. સામાન્ય રીતે કોલેજ કે શાળા કક્ષાએ હંમેશને માટે નિયમિત, અભ્યાસુ વિદ્યાર્થીઓની જ સલાહ લેવામાં આવે છે. જેમને કહેવાતા નેતા બનવામાં રસ નથી અને સમય પણ નથી.  હા...કેટલીકવાર લઘુમતિમાં રહેલા પેલા કહેવાતા કોલેજીયનોનું કહેવું સંસ્થાએ માનવું પડે છે, પણ તે ભય કે ડરને કારણે. જે કદાપિ શિક્ષણના હિતના હોતું નથી જ. ત્યારે આવા વિદ્યાર્થીનેતાઓને દસ પ્રશ્ન પૂછવાની ઇચ્છા થાય છે.

૧. એડમિશન મેળવવા દાદાગીરી કરતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળા કર્યા ?
૨. પરીક્ષામાં ચોરી કરતાં પકડાયેલા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૩. કોલેજ કેમ્પસમાં સીટી મારતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૪. દીવાલો પર પાનની પિચકારી મારતા કે કોલેજની જ લોબીમાં સિગારેટ ફૂંકતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૫. જાહેરમાં જ છોકરીઓની છેડતી કરતાં કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૬. રસ્તા પર કે બસસ્ટેન્ડ પર અહીં લખી ન શકાય તેવા શબ્દો બોલતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૭. ટીકીટ લીધા સિવાય મુસાફરી કરતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૮. કોલેજના શૌચાલયમાં ગંદા વાક્યો લખતા કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૯. કોલેજનું શૈક્ષણિકકાર્ય નિયમિતપણે નહીં કરનાર કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?
૧૦. કોલેજમાં નિયમિત નહીં આવનાર અથવા તો હાજરી માટે મિત્રની સહી કરનાર કેટલા વિદ્યાર્થીઓના મોં કાળાં કર્યા?

જો ઉપરોક્ત પ્રશ્નોનો જવાબ “ના“ હશે તો તેનો અર્થ એવો થયો કે પેલા વિદ્યાર્થીઓને ખરાબ વર્તન, કુકર્મ સામે વાંધો નથી, પણ વ્યકિંત સામે વાંધો છે.  અહીં શિક્ષકનો બચાવ કરવાની સહેજ પણ ઇચ્છા નથી. પણ શિક્ષકના દરેક વર્તન પાછળનો ઇરાદો, સચ્ચાઇ, નિષ્ઠા અગત્યના છે.  **“ટિચર કભી ચીટર નહીં હોતા“...ગુરુને પામવાના હોય, માપવાના  ના હોય.  વિદ્યાર્થીના ઇરાદાપૂર્વકના કૃત્યને પણ તે ભૂલ સમજીને સાહજિકતાથી માફ કરી દે છે.** આમપણ ગુરુનું પેટ એટલું મોટું હોય છે કે, પોતાના શિષ્યની ભૂલો તે સરળતાથી પી શકે છે. તેના હૈયામાં વિદ્યાર્થી

સતત રમતો જ હોય છે. ત્યારે **રાહ ભૂલેલા વિદ્યાર્થીઓ સાચા-સારા વિદ્યાર્થી બનવા માંગતા હોય તો આવતી કાલે આવતી ગુરુપૂર્ણિમાને એક તક સમજીને અધ્યાપક પાસે જઇને કરેલી ભૂલ માટે મિચ્છછામિદુક્કડમ્ કરવાની જરૂર છે. તમારો એક શબ્દ Sorry તમને હળવાફૂલ બનાવી દેશે.** તમે છો તેનાં કરતાં વધારે ઉંચાઇ પ્રાપ્ત કરશો. કદાચ જીવન જીવવા માટેનો નવો માર્ગ ખોલી આપશે. આ પ્રયોગ અજમાવવા - અનુભવવા જેવો છે.

ગુરુપૂર્ણિમાને દિવસે શિક્ષકને ફૂલહાર પહેરાવીને તેમને પગે લાગીને વખાણ સંભળાવતા પ્રવચનોને બદલે કોઇ વિદ્યાર્થી જઇને એમ કહેશે કે, સર... આ વર્ષે હું ઊંડો અભ્યાસ કરીને શ્રેષ્ઠ પરિણામ લાવીશ, મારું સંશોધન - પ્રોજેક્ટકાર્ય પૂર્ણ કરીશ, પરીક્ષામાં કે અન્ય સમયે ગેરરીતિ નહીં કરું, સામાજિક કાર્યોમાં રસ લઇશ, મેં ભૂતકાળમાં આ ભૂલ કરી હતી જે હવે કદાપિ નહીં થાય વગેરે. કોઇ એક વિદ્યાર્થી માત્ર એક વાક્ય, એકપત્ર, એક વચન એક સંકલ્પ દ્વારા ગુરુપૂર્ણિમા ઉજવશે તો ચોક્કસ પણે શિક્ષકને ફૂલહાર કરતાં વધારે આનંદ મળશે. અને હા...બીજા વર્ષે તમે પોતાનું વચન પાળ્યું છે તેની જાણ કરશો તો તો તે હરખાઇને હવામાં ઉડશે ! પોતાની પત્નીને કહ્યા વગર નહીં જ રહે કે, જો મારો આ વિદ્યાર્થી !

ગુરુપૂર્ણિમાનો દિવસ ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો દિવસ છે. અંતે એટલી તો અપેક્ષા રાખી જ શકાય કે સાચો વિદ્યાર્થી ક્યારે ય કૃતઘ્ન નહીં બને. ગુરુને માપશો તો પામશો નહીં.